અપીલ અરજી નં.૪૬ તા.૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર((સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,વર્કશોપ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩–૪–૧૦ની અરજીથી (૧) કુલ –૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાં કુલ–૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને કઈ ટેકનીકલ થિયરી અને પ્રેકટીકલ માપદંડને આધારે ઉત્તીર્ણ કરનાર કાર્યપાલક ઈજનેરશ્રી અને ડેપ્યુટી ઈજનેર શ્રી વર્કશોપનાં અધિકારીઓની નામ સહીતની શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ તથા હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ હોય તો તેની નકલ અને ઓટો મોબાઈલ ઈજનેર હોય તો તેની સર્ટીફીકેટની નકલ આપવા વિનંતી છે. વિ.મુદ્દા નં. ૧ થી ૮ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૬/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩–૪–૧૦નીઅરજીથી (૧) કુલ –૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાં કુલ–૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને કઈ ટેકનીકલ થિયરી અને પ્રેકટીકલ માપદંડને આધારે ઉત્તીર્ણ કરનાર કાર્યપાલક ઈજનેરશ્રી અને ડેપ્યુટી ઈજનેર શ્રી વર્કશોપનાં અધિકારીઓની નામ સહીતની શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ તથા હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ હોય તો તેની નકલ અને ઓટો મોબાઈલ ઈજનેર હોય તો તેની સર્ટીફીકેટની નકલ આપવા વિનંતી છે. વિ.મુદ્દા નં. ૧ થી ૮ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૩ તા.૨૮–૪–૧૦ થી આપેલ માહિતી અપુરતી, અયોગ્ય અને અધુરી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૧ તા.૧૯–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ), ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) તથા અરજદારને નં.આરટીઆઈસેલ/૨૪૨ તા.૨૦–૫–૧૦ થી અપીલ અરજીમાં મળેલ માહિતીમાં ગુણ દોષ પર કઈ બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવે છે. વધુમાં મ. જાહેર માહિતી અધિકારી(આર)ના પત્ર નં.જીએડી/એસટી /આર/ ૨૩૨ તા.૨૩–૪–૧૦ થી ઠરાવેલ ફી ભરીને આપે માહિતી મેળવેલ છે કેમ? તે મેળવ્યા બાદ તે અંગે કઈ બાબતે નારાજગી છે? તે પણ મુદ્દા સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૭૦ તા.૨૪–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથીપર્સોનલ ઓફિસર (આર)ને તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૨૬ તા.૬–૪–૧૦ ના પત્રની નકલ, ઈ.ચા. પર્સોનલ ઓફિસર (આર) તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યા અંગે નં.જીએડી/ઈએસ ટી/આર/૫૪ તા.૯–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, શ્રી એસ બી. પવારની શૈક્ષણિક લાયકાતનું એનેક્ષર–૨ નું પત્રક,વી.ડી. પટેલનું બી.ઈ.સીવીલનું સર્ટીફીકેટ શ્રી ડી એમ. દારૂવાલાનું ડીપ્લોમાં સીવીલની માર્કશીટની નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૯ તા.૨૬–૪–૧૦ ના રોજ માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૩૯૭ તા.૨૧–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોનનો તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, ૧૦૨ ડ્રાઈવરોના લીસ્ટની યાદી રીક્રુટમેન્ટ વિભાગના તબદીલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨ તા.૨૩–૪–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૩૭૨ તા.૧૩–૫–૧૦ ના રોજ પાઠવેલ યાદપત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ અરજદારે ઠરાવેલ ફી ભરીને મેળવેલ માહિતી તેમજ તેની નારાજગી અંગે કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩–૪–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર (આર)ને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૬ તા.૬–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટને તબદીલ કરવામાં આવેલ ત્યાર બાદ પર્સોનલ ઓફિસર(આર) તરફથી પત્ર નં.જીએડી/ઈએસ ટી/આર/૫૪ તા.૯–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૫ અંગે તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ કુલ –૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાં કુલ–૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને કઈ ટેકનીકલ થિયરી અને પ્ર ેકટીકલ માપદંડને આધારે ઉત્તીર્ણ કરનાર કાર્યપાલક ઈજનેરશ્રી અને ડેપ્યુટી ઈજનેર શ્રી વર્કશોપનાં અધિકારીઓની નામ સહીતની શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ તથા હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ હોય તો તેની નકલ અને ઓટો મોબાઈલ ઈજનેર હોય તો તેની સર્ટીફીકેટની નકલ આપવા વિનંતી છે. મુદ્દા ન.૨ ૯૨૨ ઉમેદવાર ડ્રાઈવરોમાંથી આપના તા.૨૦–૨–૧૦ ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૫ માં જાણાવેલ છે કે અનુભવ માંગવામાં આવેલ નથી તો પછી કુલ ૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને પ્રેકટીકલ ટેસ્ટમાં કઈ રીતે ઉત્તીર્ણ કરવામાં આવ્યા છે. જે અંગેની સ્પષ્ટ, સંપૂર્ણ અને યોગ્ય માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.૩ કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોએ ડ્રાઈવીંગ લાયસન્સમાં મહત્તમ ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણની માહિતી ઉમરના મહત્તમ ૫૦ ગુણમાંથી મેળવેલ ગુણની માહિતી અને પ્રેકટીકલ ટેસ્ટમાં મહત્તમ

૧૫૦ ગુણમાંથી મેળવેલ ગુણની માહિતી કુલ ૯૨૨ ડ્રાઈવરોની ગુણ સહિત લાયસન્સ નંબર, ઉંમર વિગેરેને સંપૂર્ણ યાદીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.૪ કુલ ૯૨૨ ડ્રાઈવર ઉમેદવારોની પ્રેકટીકલ ટેસ્ટ બાદની બોડી વિઝન ટેસ્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ,ઉંમરનું પ્રમાણપત્ર અને પ્રેકટીકલ ટેસ્ટ ઈન્ટરવ્યુના ગુણની વર્ગીકૃત કુલ ૯૨૨ ડ્રાઈવીંગ ઉમેદવારોના નામ સાથેની માહિતી. મુદ્દા નં.૫ કુલ ૨૭૫ ડ્રાઈવર ઉમેદવારોના પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર સ્ટાફ સીલેકશન સમિતિ ૧. શ્રી વી.ડી. પટેલ એડી. સીટી ઈજનેર ૨. શ્રી એસ.બી. પવાર મુખ્ય અન્વેષકશ્રી ૩. શ્રી એમ ડી. દારૂવાલા કાર્યપાલક ઈજનેર આરડીડી ૪. શ્રી ઈ. એસ. પઠાણ ડે.ઈજનેરશ્રી (સો.વે.મે.) સર્વે અધિકારીઓના સર્ટીફીકેટની નકલ અને હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ ધરાવતા હોય તો તેની નકલ. તથા ઓટોમાબાઈલ ઈજનેર ડીગ્રી ધરાવતાં હોય તો તેની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.૬ પસંદ કરેલ ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોના હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સની નકલ અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.૭ પસંદ કરેલા ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોની અનામત અને બિનઅનામતની ટકાવાર સહિતની યાદીની નકલ આપવા વિનંતી છે. મુદ્દા નં.૮ અંગેની માહિતીની નકલ મેળવવા ડ્રાઈવરોનું યાદીનું પત્રક બીડાણ કરેલ છે. તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ કચેરી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૪૯ તા.૨૬–૪–૧૦ થી માંગેલી માહિતી અને દસ્તાવેજો માટે રૂા. ૪/– જમા કરાવવાનું ફરમાવવામાં આવે છે. આ વિભાગ કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી માહિતી દસ્તાવેજી માહિતીની નકલો આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે અંગે અરજદારે તા.૨૯–૪–૧૦ ના રોજ રસીદ નં.૩૭૯૭૬૭ થી રૂા.૪/– ભરપાઈ કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૮૩ તા.૨૮–૪–૧૦ થી મુદ્દા નં.૫ બાબતે શ્રી વી.ડી. પટેલ બી.ઈ.સીવીલ ૨. શ્રી એસ.બી. પવાર મુખ્ય અન્વેષકશ્રી સી.એ. ૩. શ્રી એમ ડી. દારૂવાલા ડી.સી.ઈ. ૪. શ્રી ઈ. એસ. પઠાણ બી.ઈ. સીવીલ ની ડીગ્રી ધરાવે છે ઉપલબ્ધ પ્રમાણપત્ર/માર્કશીટ ની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી મુદ્દા નં.૧ અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ/આ.નં.૮૫ તા.૧૬–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને ડે.કમિશ્નર વર્કશોપના અધિકારીઓની નામ સહિતની શૈક્ષણિક સર્ટીફીકેટની નકલ તથા હેવી વ્હીકલ ડ્રાઈવીંગનું લાયસન્સ અંગેનું રેકર્ડ વર્કશોપની કચેરીએ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે પૈકી બાકીના મુદ્દાઓ અંગે ઈ.ચા. પર્સોનલ ઓફિસર આર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨ તા.૨૩–૪–૧૦ થી માંગવામાં આવેલી માહિતી બાબતે માહિતીના નકલના પાનાદીઠ રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૫૬૮ થાય છે જેના રૂા.૧૧૩૬/– આપના તરફથી જમા કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૭–૫–૧૦ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી માંગેલી માહિતી અપૂરતી અયોગ્ય અને અધૂરી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારને મુદ્દા નં.૫ અંગેની જીએડી/ઈએસટી/૩૮૩ તા.૨૮–૪–૧૦ થી અધૂરી અને અપૂરતી માહિતીની રજૂઆત કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ સ્ટાફ સીલેકશન સમિતિના શૈક્ષણિક લાયકાત અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ હેવી વ્હીકલ લાયસન્સ તથા ઓટોમોબાઈલ ઈજનેરની ડીગ્રી બાબતે માહિતી પુરી પડાયેલ નથી. જયારે અન્ય માહિતી અંગે અરજદારને મ.જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨ તા.૨૩–૪–૧૦ થી માહિતી અંગેના પાના નંગ–૫૬૮ ના રૂા.૧૧૩૬/– ભરપાઈ કરી મેળવવા જણાવેલ પરંતુ અરજદાર તરફથી તેવી માહિતી મેળવવામાં આવેલ નથી. વધુમાં મ.જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૩૭૨ તા.૧૩–૫–૧૦ થી પણ અરજદારને પુનઃ નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જો તેમ કરવામાં ચૂક કરશો તો માહિતી મેળવવામાં રસ નથી તેમ સમજી દિન–૫ માં અરજી દફતરે કરવામાં આવશે તેમ છતાં અરજદારે માહિતી મેળવેલ નથી. અત્રેથી પણ અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૨ તા.૨૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારીએ ઠરાવેલ ફી ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? અને તે અંગેની નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી તે અંગેની કોઈ વિગતો અપીલ તબકકે પણ પૂરી પાડવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૪ –૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૫ અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી લાયસન્સ અને ઓટો મોબાઈલ ડીગ્રી બાબતે નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

વધુમાં અન્ય માહિતી અંગે મ.જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૨૩૨ તા.૨૩–૪–૧૦ ના પત્રમાં ઠરાવેલ માહિતી અંગેની ફી ભરપાઈ કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધકારી (મધ્યસ્થ મહેકમ), ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ,વર્કશોપ), . . .જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર